UGVCL

R&C Office, Visnagar Road,Mehsana - 384001,
Telephone : (02762)222080 - 81,
Fax : (02762)223574,
E - Mail : corporate@ugvcl.com,
Website : www.ugvcl.com
CIN NO : U40102GJ2003SGC042906

UTTAR GUJARAT VIJ COMPANY LTD.

**વિષય : યુ.જી.વી.સી.એલ. અંતર્ગત વિદ્યુત સહાયક (જુનિયર ઇજનેર) – ઇલેક્ટ્રિકલ ની ભરતી અંગે તા. ૧૯-૦૭-૨૦૧૮ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ વિકલાંગ ઉમેદવાર માટે અનામત રાખવાની જોગવાઈઓનુ પાલન કરવા બાબત.**

**સદર્ભ:** ૧. ગુજરાત સરકારશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૦૦-જિ.ઓ.આઈ-૭-ગ-૨ તા. ૦૫-૦૨-૨૦૦૧.

૨. કોર્ટ ઓફ કમિશનર (વિકલાંગ વ્યક્તિઓ માટેના) હુકમ નં. કમિ/અપગ/૨૦૧૮-૧૯/૮૯૨ તા. ૦૭-૦૮-૨૦૧૮ (કેસ નં. ૫૯૮/૨૦૧૮).

માનનીય કોર્ટ ઓફ કમિશનરશ્રી (વિકલાંગ વ્યક્તિઓ માટેના) સમક્ષ કરવામાં આવેલ રજૂઆત સબબ તેમજ ગુજરાત સરકારશ્રી ના સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૦૫-૦૨-૨૦૦૧ ના રોજના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૦૦-જિ.ઓ.આઈ-૭-ગ-૨ માં જણાવેલ જોગવાઇઓ ના અનુસંધાને યુ.જી.વી.સી.એલ. અંતર્ગત **વિદ્યુત સહાયક (જુનિયર ઇજનેર) – ઇલેક્ટ્રિકલ** ની ભરતી અંગે તા. ૧૯-૦૭-૨૦૧૮ ના રોજ દૈનિક વર્તમાન પત્ર માં તેમજ યુ.જી.વી.સી.એલ. ની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાત સબબ વિકલાંગ ઉમેદવાર માટે અનામત રાખવાની જોગવાઈઓ અંગે નીચે મુજબ ની સ્પસ્ટતા કરવામાં આવેછે, જેની સદર જગ્યા માટે ઓન લાઇન અરજી રજીસ્ટર કરનાર દરેક વિકલાંગ ઉમેદવારે નોધ લેવા જણાવવામાં આવેછે.

**વિદ્યુત સહાયક (જુનિયર ઇજનેર) – ઇલેક્ટ્રિકલ** ની ભરતી પ્રક્રિયામાં વિકલાંગ ઉમેદવારો થી ભરવાપાત્ર ૧૩ જગ્યાઓ પૈકી **"OL"કેટેગરી માં ૦૭ (સાત) અને "HH" કેટેગરીમાં ૦૬ (છ)** જગ્યાઓ ભરવામાં આવશે. તેમજ સિલેકશન લિસ્ટમાં કોઈપણ કેટેગરીના ઉમેદવાર ઉપલબ્ધ નહિ હોય તેવા સંજોગોમાં સદર બન્ને કેટેગરી પૈકી ઉપલબ્ધ કેટેગરીના ઉમેદવારથી ભરવાપાત્ર વિકલાંગની જગ્યાની પૂર્તતા કરવામાં આવશે

----સહી---
(એ.સી. પ્રજાપતિ)
વિશેષ મહા પ્રબંધક (મા.સં.)
યુ.જી.વી.સી.એલ., મહેસાણા.